# નવા વિકાસ પ્લાનમાં રહેણાંક ઝોન પર વધુ ઝોક

**ગાંધીનગર-સરખેજ માર્ગને કોમર્શીયલ ઝોન તરીકે ડેવલપ કરાશે : સે. ૬, ૧૧, ૧૨, ૧૬ અને ૧૩ના વાણિજ્ય વિસ્તારમાં ૧૦૦૦ મીટરથી મોટા પ્લોટમાં ૮ માળના સંકુલ બનાવી શકાશે : સેક્ટરોમાં એક માળનું વધુ બાંધકામ થઈ શકશે : સે. ૫, ૧ અને ૨૪માં વાણિજ્ય વિસ્તારમાં ગ્રાઉન્ડ + બે માળનું બાંધકામ થઈ શકશે : વિકાસને સંતુલિત કરવાનો પ્રયાસ : રહેણાંક ઝોન ૪ અને ૫ માં ૨૫ મીટરની ઊંચાઈ સુધી બાંધકામ થઈ શકશે : એફ.એસ.આઈ.માં પણ છુટછાટ**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના નવા વિકાસ પ્લાનમાં રહેણાંક ઝોનનો વ્યાપ વિસ્તારી અને જમીનોના ભાવ નીચે લાવવાની સાથે ગાંધીનગર-સરખેજ હાઈવેને વાણિજ્યક વિસ્તાર જાહેર કરી વિકાસને સંતુલિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે નવા વિકાસ પ્લાનને મંજૂરી આપ્યા બાદ શહેરી વિકાસ વિભાગ દ્વારા આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કરી દેવામાં આવ્યુ છે. જેમાં આ મહત્વના ફેરફારો જોવા મળ્યાં છે.

ખાસ કરીને ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં હાલ જે રહેણાંકો છે તેમાં એક માળ સુધીનું વધુ બાંધકામ કરવાની બાબતનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આર.ફોર અને ફાઈવઝોનમાં આવેલ સેક્ટર- ૬, ૧૧, ૧૨, ૧૬ અને ૧૩માંના વાણિજ્ય વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોર + ૭ માળ સુધીનું બાંધકામ કરવાની છૂટ અપાઈ છે. જેમાં પ્લોટ ૧૦૦૦ મીટર કે વધુના હોવા જરૂરી છે.

એક હજાર મીટર કરતાં નાના પ્લોટ હશે તો આ સેક્ટરોમાં ગ્રાઉન્ડ ફ્લોર + ૩ માળ સુધીનું બાંધકામ થઈ શકશે. જ્યારે સેક્ટર-૫, ૧ અને ૨૪માં ગ્રાઉન્ડ ફ્લોર + ૨ માળ સુધીનું જ વાણિજ્ય સંકુલ બનાવી શકાશે.

ગાંધીનગર સરખેજ માર્ગને કોમર્શીયલ ઝોન જાહેર કરવામાં આવેલ છે. જેમાં ૪૫ મીટરની ઊંચાઈ સુધીનું બાંધકામ થઈ શકશે. આ બાંધકામમાં ૧.૨૫ ફ્રિ એફ.એસ.આઈ. મળશે જ્યારે બે થી ઉપરની એફએસઆઈ હશે તો તેના દર વસુલવામાં આવશે. જો કે આ એફએસઆઈ ૪ સુધીની જ રાખી શકાશે.

ગાંધીનગર કોબા માર્ગ પર ૧.૮ની એફએસઆઈ ફ્રી રહેશે જ્યારે ૧.૮ થી ૨.૨ એફએસઆઈ પર ચાર્જ વસુલવામાં આવશે.

રહેણાંકના ઝોન-૪ અને પમાં ૨૫ મીટરની ઊંચાઈ સુધી બાંધકામ થઈ શકશે. જેને કારણે ૧૫ માળ સુધીનું બાંધકામ કરી શકાશે તેમ મનાઈ રહ્યું છે.

ગિફ્ટ સીટીની પૂર્વ દિશામાં એક નવો રીંગરોડ પણ આ વિકાસ નકશામાં સમાવવામાં આવતાં ટ્રાફિકનું ભારણ આગામી દિવસોમાં ગાંધીનગરનું ઘટશે તેમ મનાઈ રહ્યું છે.

અડાલજ અને ઉવારસદ, તારાપુરના વિસ્તારોમાં પણ રહેણાંક ઝોન બનાવવાની વાત આ વિકાસ પ્લાનમાં કરવામાં આવી છે. કોલવડા, વાવોલ, ઉવારસદ અને વાસણા હડમતિયાના રહેણાંક ઝોનમાં પણ વૃદ્ધિ કરવામાં આવી છે.

કોલવડા-પેથાપુરની જે જમીનો ખેતીઝોનમાં હતી તેમાં પણ કેટલીક જમીનોને ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં મુકવામાં આવી છે. રાંધેજા-પેથાપુરની જમીનો પણ રહેણાંક ઝોન માટે ફાળવવામાં આવી છે.

રાંદેસણની ખેતી ઝોનની જમીનને મુક્તિ આપી રહેણાંક ઝોનમાં મુકવામાં આવી છે.

ગાંધીનગરની આસપાસ રહેણાંક ઝોન અને કોમર્શીયલ ઝોન પર એક સરખુ ધ્યાન આપી વિકાસને સંતુલિત કરવામાં આવ્યો છે.

નવા જીડીસીઆરમાં અપાયેલી છુટછાટોને કારણે બાંધકામ ઉદ્યોગ વિકાસ પામશે તેમ મનાઈ રહ્યું છે.

## આજે ગુજકેટની પરીક્ષા જિલ્લાના ૭ હજાર વિદ્યાર્થીઓ આપશે

**નીટની આકરી પરીક્ષા બાદ ગુજકેટની પરીક્ષાની સાથે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીણામલક્ષી ઉત્તેજના**

ગાંધીનગર તા ૯

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ગુજકેટની પરીક્ષા લેવાશે. જિલ્લામાંથી વિજ્ઞાન પ્રવાહના અંદાજિત ૬ હજાર જેટલા વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષામાં હાજરી આપશે. જિલ્લામાં ૨૯ બિલ્ડીંગોમાં ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી બેઠક વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ છે. પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પ્રત્યેક વર્ગખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ પણ રહેશે.

નીટની પરીક્ષા પુર્ણ થયા બાદ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ગુજકેટની પરીક્ષા યોજાશે. એકતરફ વિદ્યાર્થીઓ પરીક્ષા તરફ મીટ માંડીને બેઠા છે. ત્યારે ગુજકેટની પરીક્ષાના લીધે વિદ્યાર્થીઓમાં ઉત્તેજના પ્રવર્તી છે. નીટની આકરી કસોટી બાદ ગુજકેટની પરીક્ષા પાર કરવા માટે વિદ્યાર્થીઓ સજ્જ બની ગયા છે. તા ૧૦ મેં ના રોજ યોજાનારી ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી શિક્ષણ તંત્ર દ્વારા પણ જરૂરી તૈયારી કરી દેવાઈ છે. પરીક્ષાના આખરી દૌરમાં ઉમેદવારો પરિણામ પ્રત્યે પણ ઉત્સુક બન્યા છે. ત્યારે પરિણામના ગણતરીના દિવસો પુર્વેની આ કસોટીને અનુલક્ષી વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા પણ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા સહીતની જરૂરી તમામ તૈયારીઆ કરી દેવાઈ છે. જિલ્લાના ૨૯ બિલ્ડીંગોમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા નિયત કરી દેવાઈ છે. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પ્રત્યેક વર્ગ ખંડમાં સી સી ટી વી કેમેરાની વોચ પણ રાખવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર



ઘર-સામાન ઝાડ પર - ઉપર ગગન વિશાળ જેવું જીવન જીવતા શ્રમિકો ઘર-સામાનને સલામતિ માટે ઝાડ પર ચડાવી દે છે... ઘરવખરી અને કપડાના પોટલા ઝાડની ડાળીએ ચડાવીને પેટિયું રળવા નિકળતા શ્રમિકો રામ ભરોસે જીવે છે... ઘરને તાળુ નથી, ચાવી નથી... જાળી નથી ઝાંપો નથી... અને છતાંય રામ ભરોસે જીવતા શ્રમિકો કુતરા - બિલાડા, પાણી, અગ્નિથી બચાવવા ઘર સામાનને વૃક્ષની ડાળીઓની વચ્ચે મુકીને મહેનત - મજુરીએ જાય છે...

## જિલ્લામાં ૪૪,૫૩૪ બીપીએલ પરિવારો વસવાટ કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા બીપીએલ પરિવારોની સંખ્યા ૪૪,૫૩૪ છે.

રાજય સરકારના સત્તાવાર સૂત્રોના જણાવ્યાનુસાર ૧૩,૮૫૦ પરિવારો ૦ થી ૧૬નો સ્કોર ધરાવે છે જયારે ૩૦૬૮૪ પરિવારો ૧૭ થી ૨૦નો સ્કોર ધરાવે છે. છેલ્લા પાંચ વર્ષમાં ૨૪૦ પરિવારો એ બીપીએલ પરિવારની યાદીમાં સામેલ કરવા અરજી કરી હતી. જેમાંથી તંત્ર દ્વારા ચકાસણીને અંતે ૮૨ અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવી છે જયારે ૧૫૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

૨૦૧૬-૧૭માં ૧૨૦ અરજીઓ જિલ્લા તંત્રને મળી હતી જે પૈકી ૪૧ અરજીઓ તંત્રએ ગ્રાહ્ય રાખી છે જયારે ૭૯ અરજીઓ નામંજૂર કરી છે. પાંચ વર્ષમાં સૌથી વધુ અરજીઓ ૨૦૧૬-૧૭માં જ મળી હતી તેવું પણ સત્તાવાર સૂત્રોએ સ્વીકાર્યુ છે.

## છેલ્લા પાંચ ગુણોત્સવમાં 'સી' અને 'ડી' ગ્રેડની શાળાઓમાં ચડાવ-ઉતાર નોંધાયો છે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સી અને ડી ગ્રેડની શાળાઓની સંખ્યામાં ચડાવ ઉતાર જોવા મળ્યો છે. જો કે હજુ ૨૦૧૬-૧૭નું પરિણામ સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયુ હોવા છતાં જાહેર થયું નથી.

૨૦૧૦-૧૧માં ગાંધીનગર જિલ્લામાં સી ગ્રેડની શાળાઓ ૪૨૮ અને ૩૮૬ ડી ગ્રેડની શાળાઓ હતી. ૨૦૧૨-૧૩માં આ પરિણામમાં સુધારો થયો હતો અને ૨૪ શાળા સી ગ્રેડ અને ૪ શાળા ડી ગ્રેડની જણાઈ હતી. ૨૦૧૩-૧૪ના ગુણોત્સવમાં સી ગ્રેડની શાળાઓ વધીને ૬૨ થઈ હતી તો ડી ગ્રેડની શાળા પણ વધીને ૧૬ થઈ હતી.

૨૦૧૪-૧૫માં સી અને ડી ગ્રેડની શાળામાં પુનઃ વધારો થયો હતો. જેમાં સી ગ્રેડની શાળાની સંખ્યા વધીને ૧૨૧ થઈ હતી જ્યારે ડી ગ્રેડની શાળા ૩૯ થઈ હતી. ૨૦૧૫-૧૬માં સી ગ્રેડની શાળા ૧૯ હતી અને ડી ગ્રેડની શાળા ૧૬ જણાઈ હતી.

ગુણોત્સવના આ પાંચેય પરિણામમાં સતત ચડાવ-ઉતાર જોવા મળ્યો છે. જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા પરિણામના સુધાર માટે ઉપચારાત્મક વર્ગ ઉપરાંત ૮ થી પણ વધુ જુદા જુદા પગલાંઓ લેવામાં આવ્યા છે. આ વર્ષે જિલ્લામાં તમામ શાળાઓમાં ગુણોત્સવ પૂર્વે બાળકોને વિશિષ્ટ તાલિમ આપી મૂલ્યાંકન કરી અને માર્ગદર્શન આપવાનો નવતર પ્રયોગ કરાયો હતો અને તેને કારણે પરિણામમાં સારો એવો સુધાર જોવા મળશે તેવો વિશ્વાસ શિક્ષણ સમિતિના સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે.

## શહેરમાં હજુ ૫૭ કિમી વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈનની અનિવાર્યતા

**સ્ટોર્મ વોટર લાઇનના પ્રોજેક્ટ માટે એજન્સીનો રીપોર્ટ તૈયાર : ૭૭ કરોડના ખર્ચનો અંદાજ**

**હાલ માત્ર સાત સેકટરો અને મુખ્ય માર્ગોને અનુલક્ષીને જ સ્ટોર્મ વોટર લાઇનની સુવિધા**

**તંત્રએ સર્વે રીપોર્ટના આધારે નવી દરખાસ્ત વિભાગને સુપ્રત કરી**

ગાંધીનગર તા ૯

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનનો પ્રોજેકટ અભ્યાસના દાયરામાંથી બહાર આવતા તંત્ર દ્વારા આ મામલે નવી કાર્યયોજના તૈયાર કરી વિભાગને સુપ્રત કરી દેવામાં આવી છે. સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે એજન્સી દ્વારા શહેરમાં હાથ ધરાયેલી સર્વેની પ્રક્રીયાના અંતે રીપોર્ટ તૈયાર થઈ ગયો છે. જેના અંતે શેહરમાં હજુ ૫૮ કી મી વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવાની અનિવાર્યતા છે. ત્યારે તંત્ર દ્વારા પણ આ મામલે નવી દરખાસ્ત તૈયાર કરી સુપ્રત કરી દેવાઈ છે. આ યોજના પાછળ અંદાજિત ૭૭ કરોડનો ખર્ચ થાય તેમ છે.

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનનુ કામ અપુર્ણ છે. જયારે સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે તંત્ર દ્વારા ત્રણ વાર વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ શહેરમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવાનુ કામ જટીલ હોવાના લીધે અભ્યાસના અંતે કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો. સેકટરોમાંથી પસાર થતી અન્ય યુટીલીટીઝ લાઈનને ધ્યાને લઈ સ્ટોર્મ વોટર લાઈનનુ આયોજન કરવાનુ અનિવાર્ય હોવાના લીધે આ મામેલ યોગ્ય અભ્યાસના અંતે રીપોર્ટ તૈયાર કરવાની જવાબદારી એજન્સીને સોંપવામાં આવી હતી. એજન્સી દ્વારા લાંબા સમયના અંતે રીપોર્ટ તૈયાર કરી તંત્રને સુપ્રત કરી દીધો છે. જેના આધારે તંત્ર દ્વારા શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની સુવિધા ઉભી કરવા માટે નવી કાર્યયોજના તૈયાર કરી દિધી છે. તંત્રએ આ મામલે નવી દરખાસ્ત તૈયાર કરી વિભાગને મોકલી દીધી છે. જો કે શહેરના સેકટરોના આંતરિક વિસ્તારમાંથી વરસાદી પાણીનો ત્વરિત નિકાલ કરવા માટે લાઈન નાંખવાની કામગીરી અત્યંત ખર્ચાળ હોવાના લીધે સરકાર દ્વારા મંજુરી મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. હાલ શહેરના મુખ્ય માર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં જ સ્ટોર્મ વોટર લાઈનની વ્યવસ્થા છે. જયારે સમગ્ર શહેરને સ્ટોર્મ વોટર લાઈનથી સજ્જ કરવા માટે નવતર આયોજનનો અમલ અનિવાર્ય છે. શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનનો

● અનુસંધાન પાન-૭ પર


**બેસણું (અંતિમ અરદાસ)**



અમારા પરમ પૂજ્ય માતૃશ્રી **શ્રીમતી સતવંત કૌર છાબડા** તા. ૭/૫/૨૦૧૭, રવિવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું (અંતિમ અરદાસ) તા. ૧૧/૫/૨૦૧૭, ગુરૂવારના રોજ સવારે ૧૦-૩૦ થી ૧૨-૦૦** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ગુરૂદ્વારા શ્રી ગુરૂનાનાક સાહિબ સેક્ટર-૩૦, અક્ષરધામ સર્કલ, ગાંધીનગર**

નરેન્દ્રસિંગ છાબડા (પુત્ર)
સ્વ. સતપાલસિંગ છાબડા (પુત્ર)
વરિયામસિંગ છાબડા (પતિ)
પરમજીત કૌર છાબડા (પુત્રવધુ) (નિયામક, અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ)
મમતા છાબડા (પુત્રવધુ)
દિપાંશ છાબડા (પૌત્ર)
પ્રમિત છાબડા (પૌત્ર)
એનિષા છાબડા (પૌત્રી)

**પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. દવે જગદીશચંદ્ર શંકરલાલ**
વૈશાખ-૧૫ (પૂનમ) (સ્વ. તા. ૫/૫/૨૦૧૨)

તમારા જીવનમાં હરપળ હસતા રહ્યા તમે,
સ્નેહ અને સગા સાથે સૌના હૃદયમાં ગુંજતા રહ્યા,
કાર્યો એવા કરતા ગયા કે, સૌના સ્મરણમાં રહ્યા.
જીવન એવું જીવી ગયા કે હર પળ તમારી યાદ સૌને સદાય આવતી રહે.
પ્રભુ આપના આત્માને દિવ્ય શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના....

ગં.સ્વ. શર્મિષ્ઠાબેન જે. દવે (પત્ની)
જતીનભાઈ જે. દવે (પુત્ર)
તુષારભાઈ જે. દવે (પુત્ર)
હેમંત જે. દવે (પુત્ર)
ધર્મા જે. દવે (પુત્રવધુ)
રીપા ટી. દવે (પુત્રવધુ)
યોગિની એચ. દવે (પુત્રવધુ)
દૃષ્ટિ, વેદાંશી (પૌત્રી)

સ્થળ : પ્લોટ નં. ૨૪૨/૨, સેક્ટર-૩/ન્યુ, ગાંધીનગર

**બદલી કામદાર જોઈએ છે**

ગાંધીનગર દૂધ સંઘ (મધુર ડેરી), ગાંધીનગરને બદલી કામદારની તાત્કાલિક જરૂરિયાત છે. ઠેકેદાર આવકાર્ય છે.

સમય : સવારે ૭-૦૦ કલાકે

સ્થળ : મધુર ડેરી, 'ક' રોડ, ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર

મેનેજીંગ ડિરેક્ટરશ્રી

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN ™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE ™
DR. FIXIT ®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com